હું ગુર્જર ભારતવાસી
ઝંખન્નો પલ પલ, સહુજન મંગલ, મન મારું ઉલ્લાસી
હું ગુર્જર ભારતવાસી.

અર્બુદ - અરબસમુદ્ર વચાળે
ધરતીના આ આઉ દુધાળે
આવી વળગી હર્ષ-ઉછાળે
ઉત્તર પશ્ચિમ દક્ષિણ પૂર્વથી, વિધ વિધ પ્રજા સુહાસી
હું ગુર્જર ભારતવાસી.

ધન્ય ધરા આ, કૃષ્ણ વસ્યા જ્યાં,
વિપદ દીઠી ક્યહીં, ત્વરિત ધસ્યા ત્યાં,
ગીતામૃત પી ગાંધી હસ્યાં હ્યાં.
ગાંધી-કૃષ્ણની કરુણાકરણી, રહો જ ચિત્ત ઉપાસી
હું ગુર્જર ભારતવાસી.

અશોક-ધર્મલિપિ ઉપર મુજ અંકિત,
ઈસાઈ પારસિક મુસ્લિમ જિન-હિત
મંત્ર મધુર ગુંજે અંવિશંકિત :
'સર્વ ધર્મ સમ, સર્વ ધર્મ મમ.' - ઉર એ રહો પ્રકાશી
હું ગુર્જર ભારતવાસી.

ગિરિચટ્ટાન સમાણી છાતી
જલધિતરંગ નાથે મદમાતી,
રમે વિદેશે સાહસ-રાતી
સદાજાગરૂક, જગતનાગરિક, સાગરતીર્થનિવાસી
હું ગુર્જર ભારતવાસી.

- ઉમાશંકર જોશી


નિર્માણ

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

**ગુજરાત શાળા શિક્ષણ પરિષદ**
સમગ્ર શિક્ષા,
સેક્ટર-૧૭, ગાંધીનગર.

**ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ**
**ગાંધીનગર**

મુદ્રણ

**ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ**
**ગાંધીનગર**


# ગુજરાતી

## ધોરણ 8

# સ્વઅધ્યયનપોથી

## (લર્નિંગ લૉસ - બ્રિજકોર્સ)



વિદ્યાર્થીનું નામ : ____________________

શાળાનું નામ : ____________________

# ઓનલાઈન શિક્ષણ મેળવવા માટેના માધ્યમ

સમગ્ર શિક્ષા વેબસાઈટ : **ssagujarat.org/StudyFromHome.html**




ગુજરાત સરકાર દ્વારા બાઈસેગ-વંદે ગુજરાતની વિવિધ ધોરણવાર ૧૬ ચેનલ વડે શૈક્ષણિક કાર્યક્રમનું પ્રસારણ

BISAG-N **www.vande.gujarat.gov.in** VANDE GUJARAT

બાઈસેગ પ્રસારણ જોવા માટે DTH ડિશ લગાવવાથી દૂરદર્શન કેન્દ્ર તેમજ બાઈસેગની તમામ ચેનલો ફ્રીમાં જોઈ શકાય છે. DTH ડિશ નજીવા ખર્ચે લગાવી શકાય છે.

DIKSHA — https://diksha.gov.in/

YouTube — Gujarat e-Class Samagra Shiksha

Gujarat E Class

# ગુજરાતી

## ધોરણ 8

# સ્વઅધ્યયનપોથી

## (લર્નિંગ લૉસ - બ્રિજકોર્સ)

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારા ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે
આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.


**નિર્માણ**

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સમગ્ર શિક્ષા,
સેક્ટર - ૧૭, ગાંધીનગર.

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર.

**મુદ્રણ**

ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળ
ગાંધીનગર.

## માર્ગદર્શન

શ્રીમતી જયશ્રી દેવાંગન (IAS)
(એએસપીડી, સમગ્ર શિક્ષા)

શ્રી પ્રકાશ ત્રિવેદી
(સચિવ, સમગ્ર શિક્ષા)

શ્રી વી. આર. ગોસાઈ
(સચિવ, GCERT)

ડૉ. અશોકભાઈ એન. ચૌધરી
(રીડર, GCERT)

## નિર્માણ-સંયોજન

ડૉ. અખિલ ડી. ઠાકર

શ્રી નરેન્દ્ર એન. રાવલ

ડૉ. ભાર્ગવ ઠક્કર

## કન્વીનર

શ્રી રશ્મિકાબહેન એસ. મોદી

## સહ-કન્વીનર

શ્રી જૈનીબેન ભોજક

## સંપાદન-સંકલન

શ્રી અનિલભાઈ ઉપાધ્યાય

શ્રી સુચિતકુમાર પ્રજાપતિ

શ્રી ધર્મેશ રામાનુજ

## લેખન

શ્રી કલ્પેશ પટેલ

શ્રી શંકરભાઈ ચૌધરી

શ્રી ભગવાનભાઈ દૂધરેજિયા

શ્રી રમેશભાઈ ધોળકિયા

શ્રી મિનેશ વાળંદ

શ્રી મનીષભાઈ સુથાર

## સમીક્ષા

ડૉ. લીનાબહેન ઉપાધ્યાય

શ્રી ભીખુભાઈ વેગડા

શ્રી નીલમ ડાભી

## મુદ્રણ-આયોજન

શ્રી મનીષ એચ. બધેકા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

વિદ્યાર્થીમિત્રો, શાળા શરૂ થયા બાદ આપની શાળાના વર્ગમાં જે તે વિષયનું શૈક્ષણિક કાર્ય શરૂ થઈ ગયું હશે. પાછલાં વર્ષોમાં શાળામાં કેટલાક મહિનાઓ સુધી શૈક્ષણિક કાર્ય બંધ રહેલું અને તેના પરિણામે વર્ગમાં અભ્યાસ માટેના દિવસો પણ બહુ ઓછા મળેલા. આ બાબતને ધ્યાનમાં રાખી નવા વર્ષે અગાઉના ધોરણ અને અભ્યાસક્રમમાં પ્રવેશ પામીએ તે પહેલાં આ સ્વઅધ્યયનપોથી સાથે ગત વર્ષોની શીખેલી બાબતો મહાવરા તરીકે અહીં મૂકવામાં આવી છે. અહીં ગુજરાતી વિષયમાં અગાઉનાં ધોરણમાં શીખેલી ભાષાની અગત્યની બાબતોને ધ્યાને લઈ તેની પ્રવૃત્તિઓ આપવામાં આવી છે.

ભાષા એ બોલવા સાથે લખવા-વાંચવા અને અભિવ્યક્તિના માધ્યમ તરીકે ઉપયોગી છે. ભાષામાં મૂળાક્ષરથી લઈને શબ્દો, વાક્યોને ક્રમમાં લખવા-વાંચવા સુધીની પ્રક્રિયાનો સમાવેશ થાય છે. અહીં ગત વર્ષને ધ્યાને લઈ ભાષાશિક્ષણમાં થયેલ 'લર્નિંગ લૉસ' ને પહોંચી વળવા માટે નિર્માણ થયેલ વાંચન-લેખન સામગ્રી અંતર્ગત ગુજરાતી વિષયમાં અર્થગ્રહણ, સ્વતંત્રલેખન, તાર્કિક ચિંતન, સર્જનાત્મક લેખન અને વ્યાવહારિક વ્યાકરણ આધારિત પ્રવૃત્તિઓ મૂકી છે.

ધોરણ 8ના વિદ્યાર્થી તરીકે તમારામાં ભાષાનો વિકાસ અને સર્જન થાય તે માટેનો પ્રયાસ થાય તેવી પ્રવૃત્તિઓ પસંદ કરવામાં આવી છે. અહીં પ્રવૃત્તિ કરવા માટે ફકરામાં ખૂટતા શબ્દોનું લેખન, અર્થગ્રહણ આધારિત પ્રશ્નો, યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂર્તિ, શબ્દનિર્માણ, શબ્દોનો વાક્યપ્રયોગ, શબ્દ સાથે જોડાઈને લખાતા પ્રત્યયો, કાવ્ય રસાસ્વાદ, ટિકિટ, ટ્રાફિક સિગ્નલ, જાહેરાત, બૅનર, બૉર્ડ, સમયપત્રક આધારિત પ્રશ્નોત્તરી, ચિત્ર આધારિત પ્રશ્નોત્તરી, સ્વતંત્રલેખન, વ્યાવહારિક વ્યાકરણ અંતર્ગત સમાનાર્થી - વિરુદ્ધાર્થી શબ્દો, શબ્દ આધારિત વાક્યરચના, મનોશારીરિક પ્રવૃત્તિઓ જેવી પ્રયુક્તિઓનો આધાર લેવાયો છે.

જેમ કે, અહીં આપેલી ટિકિટ પરથી માહિતીની વિગતો તારવવાની પ્રવૃત્તિ દ્વારા તમને સમજણપૂર્વકનું અર્થગ્રહણ ચકાસવાનો મહાવરો મળશે. ઉપરાંત નવા શબ્દો ઉપયોગમાં લઈને તમારી ભાષામાં નવું સર્જન થાય તેવી સંભાવના રહેલી છે. એટલે કે અહીં આપેલી મહાવરાની દરેક બાબતમાંથી તમારી ભાષાનો વિકાસ થતો રહે તેવી સંભાવના ધ્યાને રાખી છે.

અહીં ભાષામાં આપેલી પ્રવૃત્તિઓમાં પ્રશ્નોત્તરી, શબ્દો પરથી વાક્યલેખન, ખાલી જગ્યામાં યોગ્ય શબ્દની પૂર્તિ, વાતચીત, ચિત્રવર્ણન, ચિત્ર પરથી લેખન, શબ્દસર્જન જેવી ભાષાસજ્જતા, યોગ્ય વિકલ્પ પસંદગી, ઉદાહરણ મુજબ વાક્યરચના, કોષ્ટક પરથી શબ્દલેખન, શબ્દોનો વાક્યપ્રયોગ, સમાનાર્થી-વિરુદ્ધાર્થી શબ્દલેખન, શબ્દો પરથી નવા શબ્દોનું સર્જન જેવી બાબતો આગળના ધોરણમાં વધુ શીખવા માટે સહાયક બનશે તેમ માનીને આપી છે.

વિદ્યાર્થીમિત્રો, શક્ય છે કે તમને ભાષાની પ્રવૃત્તિઓ માત્ર વાંચન-લેખન માટે જ ઉપયોગી જણાય, પરંતુ તમારાં રોજિંદા જીવનમાં પણ ભાષા સારી રીતે બોલવા, વાંચવા, અર્થગ્રહણ તેમજ વ્યાવહારિક ઉપયોગ માટેનો પ્રયત્ન કર્યો છે.

શ્રદ્ધા છે કે ભાષા માટેના મહાવરાની આ પ્રવૃત્તિઓ ભાષાશિક્ષણને બળવત્તર કરશે.

| | |
|---|---|
| **ડૉ. પી. એ. જલુ** | **ડૉ. રતનકંવર એચ. ગઢવીચારણ (IAS)** |
| નિયામક, | સ્ટેટ પ્રૉજેક્ટ ડાયરેક્ટર, |
| જીસીઈઆરટી, | સમગ્ર શિક્ષા, |
| ગાંધીનગર | ગાંધીનગર |

# શિક્ષક-વાલી જોગ સંદેશ

ગત વર્ષોમાં શાળામાં-વર્ગખંડમાં જે તે વિષયનું શિક્ષણ પ્રાપ્ત કરવામાં વિદ્યાર્થીઓએ મુશ્કેલી અનુભવી હશે. જો કે શિક્ષણ વિભાગ દ્વારા 'શાળા બંધ છે, પણ શિક્ષણ નહિ' તે ધ્યેયને મંત્રસ્વરૂપે અનુસરી વર્ચ્યુઅલ માધ્યમથી શિક્ષણ આપવાનું અદ્વિતીય કાર્ય ચાલુ જ રહ્યું હતું. આ સિદ્ધિને કારણે આજે આપણે આપણા વિદ્યાર્થીઓને આગળના ધોરણમાં મોકલવા માટે સક્ષમ થઈ શક્યા છીએ.

અહીં આપણે આપણા વિદ્યાર્થીઓને ગત વર્ષે શિક્ષણ અંતરાય દરમ્યાન ઊભી થયેલી અધ્યયન ખોટ (લર્નિંગ લૉસ)ને ધ્યાને લઈ તેના નવા વર્ષના પ્રારંભે કેટલીક મહાવરાની બાબતો આપીને તેને આગળના ધોરણના અભ્યાસ માટે સજ્જ કરવાનો પ્રયાસ કરવા તરફ જઈ રહ્યા છીએ. સામાન્ય રીતે લર્નિંગ લૉસ એટલે અધ્યયનની એવી ખોટ / કચાશ કે જેમાં શીખેલું ભૂલી જવું, ઓછું શીખવાનું કે શીખેલું બરાબર યાદ ન રહેવું. આવું થવાનું કારણ પણ સાહજિક છે, આ કોઈ એવી ખોટ નથી કે જે પૂરી ન શકાય. લર્નિંગ લૉસની પૂર્તતા કરવા માટે વધુ મહાવરો અને શીખેલી સંકલ્પનાઓ પુનઃ યાદ કરાવવાનો પ્રયાસ કરવો પડે, જે અહીં આપણે કરવાના છીએ.

અહીં લર્નિંગ લૉસની પૂર્તિ માટે આપેલા મહાવરામાં મુખ્ય ત્રણ બાબતોની કાળજી લેવાઈ છે. **પ્રથમ** વિદ્યાર્થીઓને અગાઉના ધોરણના વિષયને અનુરૂપ વિષયવસ્તુનો પુનઃ પરિચય થાય તેવી બાબતો અપાઈ છે. **બીજું**, અપાયેલા દરેક મહાવરા માટે એવી બાબતોનો આધાર લેવાયો છે જેની સંકલ્પનાઓ ધોરણ 6 થી 8 માટે પાયારૂપ હોય. આ બાબતો અગાઉના ધોરણના વિષયવસ્તુની સંકલ્પનાને વધુ દૃઢ બનાવી તેને શીખવા માટે સરળતા રહે તેવું વાતાવરણ નિર્માણ કરશે. **ત્રીજું**, અભ્યાસક્રમનો પ્રારંભ થાય તે પહેલાં વિદ્યાર્થીઓના પ્રવર્તમાન શૈક્ષણિક સ્તરનું સાર્વત્રિક મૂલ્યાંકન પણ થઈ શકે. આવું કરવાથી વર્ગ કે વિષયશિક્ષક વિદ્યાર્થીઓનું સ્તર માપીને નવી બાબત શીખવવાની શરૂઆત કરે તે પહેલાં તેને કયા પ્રકારનું આયોજન કરવું ? કેવી પદ્ધતિનો સહારો લેવો? કઈ કઈ પ્રયુક્તિઓને આયોજનમાં સમાવિષ્ટ કરવી તેનો ખ્યાલ આવે. આનાથી અગાઉના વર્ષની અધ્યયન ખોટ (લર્નિંગ લૉસ)ની અસર હાલના ધોરણમાં ન પડે.

શિક્ષણ અવિરત ચાલતી પ્રક્રિયા છે, તે માત્ર વર્ગખંડ, સમયપત્રક કે વિષયમાં જ બંધાયેલું રહેતું નથી. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અનુસાર શિક્ષણનાં અધ્યયન બિંદુઓને શીખવવા માટે પ્રશ્નોત્તરી, પ્રવૃત્તિ, અવલોકન, પ્રૉજેક્ટ, સર્વે જેવી વિવિધ પ્રયુક્તિઓનો સહારો લેવાનો છે. અહીં નિર્માણ થયેલી મહાવરાની વિવિધ સામગ્રીમાં આ બધી જ બાબતોને કાળજીપૂર્વક ધ્યાનમાં લેવાયેલી છે. આ સામગ્રીના મહાવરા માટે નીચે મુજબની કેટલીક બાબતોને ધ્યાનમાં રાખીશું તો આપણા વિદ્યાર્થીઓ અપેક્ષિત શૈક્ષણિક ક્ષમતા કેળવી શકશે અને નવા શૈક્ષણિક વર્ષના અભ્યાસક્રમને સારી રીતે સમજીને શીખવાનું શરૂ કરી શકશે.

- મહાવરા માટે આપેલી દરેક બાબતમાં પ્રવૃત્તિઓ પણ સમાવિષ્ટ હોવાથી પ્રવૃત્તિ માટે પૂરતો સમય આપવો.
- મહાવરાની પ્રવૃત્તિઓમાં લખવા-વાંચવા સાથે જૂથ અને સમૂહમાં પ્રવૃત્તિઓ પ્રૉજેક્ટ કાર્ય જેવી વિવિધ બાબતોનો સમાવેશ કરેલો હોઈ તેને પણ શીખવાનો અગત્યનો ભાગ માનીને તે કરવા માટે પૂરતો સમય અને સ્વતંત્રતા આપવી.
- મહાવરાની આ પ્રવૃત્તિઓ દરમ્યાન વિદ્યાર્થીને તેનાં મિત્ર, કુટુંબીજનો અને અન્ય લોકોની જરૂર પડે તેવું આયોજન હોવાથી તેને પ્રવૃત્તિ માટે અન્ય સાથે કામ કરવાની છૂટ આપવી.
- મહાવરાની આ પ્રવૃત્તિઓ શાળા અને ઘર બંને જગ્યાએ એક સાથે ચાલે તે માટેનું આયોજન વિદ્યાર્થીઓને સતત જણાવતા રહીને તેમને આગળના અભ્યાસ માટે પણ જોડવાના છે તેનો ખ્યાલ રાખવો.

- મહાવરાની આ પ્રવૃત્તિઓ અભ્યાસક્રમ સાથે સંકળાયેલી હોવાથી તેને માત્ર મનોરંજન સ્વરૂપે ન માની લેતાં વિદ્યાર્થીઓ ગંભીરતાથી તે કરે અને તેમાંથી શીખે તેવું આયોજન કરવું.
- મહાવરાની આ સંપૂર્ણ પ્રક્રિયા લર્નિંગ લૉસને પહોંચી વળવા માટેની હોવાથી વર્ગનો દરેક વિદ્યાર્થી દરેક અધ્યયન નિષ્પત્તિની પ્રવૃત્તિમાં સમાન સ્તરે પહોંચે તે માટે પ્રયાસ કરવો.
- લર્નિંગ લૉસ એ અધ્યયન કચાશ(ખોટ) પૂરી કરવાનો પ્રયાસ હોવાથી શિક્ષક સાથે વાલી, શિક્ષિત મોટા ભાઈ-બહેન અને ઉપલા ધોરણના મિત્રો પણ વિદ્યાર્થીને મદદ કરે તે ઇચ્છનીય છે.
- સ્વઅધ્યયનપોથી સાથે આપેલી મહાવરાની વિવિધ પ્રવૃત્તિઓ વર્ષની શરૂઆતમાં કરવાથી ધોરણ 6 થી 8ના અભ્યાસક્રમની સંકલ્પનાઓ સમજવી સરળ બની રહે તેવો પ્રયાસ કરવા માટે વર્ગમાં બને તેટલો વધુ સમય મહાવરા માટે આપવાનું આયોજન કરવું.
- મહાવરામાં અગાઉના ધોરણની એવી બાબતોનો સમાવેશ કરાયો છે, જેનાથી ધોરણ 6 થી 8ના વિષયવસ્તુની સંકલ્પના સમજવાનું સરળ બને છે, તેને ધ્યાને લઈ પ્રવૃત્તિઓ કરાવતા સમયે તે પૂરેપૂરી રીતે શીખી જાય તેની કાળજી લેવાય તે જોવું.
- 'ચાલો, યાદ કરીએ'માં આપેલી પ્રવૃત્તિઓનું લેખન અલગ નોટબુકમાં કરવાનું હોવાથી વિદ્યાર્થીઓએ લખેલી પ્રવૃત્તિઓની સમયસર ચકાસણી કરી તેની સારી અને સુધારાત્મક બાબતોનું વ્યક્તિગત માર્ગદર્શન આપવું ઇચ્છનીય છે.
- આપેલી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીની સમજ અને સંકલ્પનાના વિકાસ માટે હોવાથી વર્ગના વિદ્યાર્થીઓ LO આધારિત એક-બે પ્રવૃત્તિઓ બાદ તેને સમજી શકયા છે તેવું જણાય તો તે પૈકીની અન્ય પ્રવૃત્તિઓ ગૃહકાર્યમાં આપી શકાય, જેથી વર્ગમાં અન્ય LO આધારિત પ્રવૃત્તિઓ કરવામાં પૂરતો સમય મળી શકે.
- આપેલી પ્રવૃત્તિઓની સમજ માટે ચિત્રો, સાધન-સામગ્રી અને અન્ય સહાયક સંદર્ભનો આધાર લેવાયો છે તેને ધ્યાને લઇ તેવી પ્રવૃત્તિઓ માટે તે સંદર્ભિત સામગ્રીની સમજ મળી રહે તેવું આયોજન હાથ ધરવું.
- અહીં પસંદ થયેલી મોટાભાગની પ્રવૃત્તિઓ ધોરણ 6 થી 8ના અભ્યાસક્રમને વધુ બળવત્તર બનાવવાના હેતુસર આપેલી હોવાથી વર્ગના તમામ વિદ્યાર્થીઓ આ પ્રવૃત્તિઓની સંકલ્પના અને સમજ કેળવે તે માટે પ્રવૃત્તિ દરમ્યાન પૂરતું માર્ગદર્શન અને પરોક્ષ મૂલ્યાંકન કરતાં રહેવું.
- અહીં આપવામાં આવેલ પ્રવૃત્તિઓ માત્ર જે તે LOમાં સમાવિષ્ટ સંકલ્પનાના મહાવરા માટે આપેલ છે. વર્ગમાં જરૂરી મહાવરા માટે આ પ્રકારની વધુ પ્રવૃત્તિઓનો વિકાસ કરી તેનો પણ મહાવરો કરાવી શકાય.
- ગણિત, વિજ્ઞાન અને ભાષાની પ્રવૃત્તિઓ તેના વિષયની નવી સંકલ્પનાઓ સરળ કરવા માટે હોવાથી તેનો પૂરતો મહાવરો થાય તે માટે વર્ગનું સમયપત્રક વિષયવાર ગોઠવી તે મુજબ કાર્ય થાય તે જોવું.

**પ્રકાશ ત્રિવેદી**
સચિવ, સમગ્ર શિક્ષા,
ગાંધીનગર

## ચાલો યાદ કરીએ અંતર્ગત સમાવિષ્ટ અધ્યયન નિષ્પત્તિઓની યાદી

| | |
|---|---|
| **G601** | વાર્તા, કાવ્યો, ચિત્ર, વર્ણન, નાટકો, ચર્ચાઓ, કિસ્સાઓ સાંભળી તથા મુખવાંચન કરી તેને સમજે છે અને સર્જન કરે છે. |
| **G602** | પરિચિત કે અપરિચિત પરિસ્થિતિમાં પ્રસંગો તથા સ્થળો વિષે વાતચીત સંવાદો સમજે છે અને રજૂઆત કરે છે. |
| **G604** | પ્રાદેશિક ગીતો અને કથાઓ સમજે તેમજ જાણે છે. |
| **G607** | સંકેતનાં બૉર્ડ, સમયપત્રક, ટ્રાફિક સિગ્નલ, નકશા, પ્રતીકો, ચિત્રો, સમાચારપત્રો, સામયિકો અને સંદર્ભ સાહિત્ય વગેરે વાંચી-સમજી શકે છે તથા વિગતો તારવી શકે છે. |
| **G609** | શિક્ષકની મદદથી શબ્દકોશ, બાળકોશ અને બાળ વિશ્વકોશનો ઉપયોગ કરી આશરે 3000 જેટલા શબ્દો સમજી અને તેનો વ્યાવહારિક ઉપયોગ કરે છે. |
| **G610** | મુલાકાત વખતે આત્મવિશ્વાસપૂર્વક પોતાની વાત રજૂ કરી, પ્રશ્નોત્તરી કરી શકે છે. |
| **G611** | પાઠ્યપુસ્તક અને વાંચેલી, સાંભળેલી, જોયેલી સામગ્રીમાંથી માહિતી મેળવવા 'શા માટે?' 'કેવી રીતે?' જેવા પ્રશ્નો પૂછી કાર્યકારણ સંબંધો તારવી જવાબ આપે છે, ઉકેલ મેળવે છે. |
| **G612** | જોયેલી, સાંભળેલી કે વાંચેલી અનુભવજન્ય સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી વૈકલ્પિક તથા અન્ય પ્રશ્નોના જવાબ લખે છે. |
| **G613** | ટુચકાઓ, વાર્તાઓ, જીવનપ્રસંગો અને પોતાના અનુભવોની રજૂઆત કરે છે. |
| **G701** | વાર્તા, કાવ્યો, ચિત્ર, વર્ણન, નાટકો, ચર્ચાઓ, કિસ્સાઓ સાંભળી તથા મુખવાચન કરી તેને સમજે છે અને સર્જન કરે છે. |
| **G702** | પરિચિત કે અપરિચિત પરિસ્થિતિમાં વાતચીત, વક્તવ્યો, ચર્ચા સમજે અને યોગ્ય હાવભાવ સાથે રજૂઆત કરે છે. |
| **G704** | કિશોર સાહિત્ય અને લોકસાહિત્યની કૃતિઓ અને નાટકો સાંભળી વાંચીને સમજે છે, તેમજ કથાના સંવાદરૂપે રજૂ કરે છે. |
| **G707** | સમાચારપત્રો, સામયિકો, રેલ્વે-બસ સમયપત્રક, કોષ્ટક વગેરે જેવી વિગતો વાંચે છે તથા જરૂરી વિગતો તારવે છે. |
| **G709** | આશરે 4000 જેટલા શબ્દો જાણે છે અને શબ્દકોશ, જોડણી તથા વ્યાવહારિક વ્યાકરણ, બાળકોશનો ઉપયોગ કરે છે. |
| **G710** | વિશેષ વ્યક્તિ, સંસ્થા, પરિચિત પ્રસંગો-સ્થળોની મુલાકાત લે છે અને પરિસ્થિતિ સંદર્ભ પોતાના અનુભવો, વિચારો અને મંતવ્યો આત્મવિશ્વાસપૂર્વક રજૂ કરે છે. |
| **G711** | પાઠ્યપુસ્તક અને સાંભળેલી કે વાંચેલી અનુભવજન્ય સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી વૈકલ્પિક તથા અન્ય પ્રશ્નોના જવાબો લખે છે. |
| **G712** | જોયેલી, સાંભળેલી કે વાંચેલી તથા પાઠ્યપુસ્તક અને અન્ય સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી પ્રશ્નોના જવાબ લખે અને કાર્યકારણ સંબંધોને આધારે વધારે માહિતી મેળવવા "શા માટે" "કેવી રીતે" જેવા પ્રશ્નો પૂછીને જવાબ આપે છે. |
| **G713** | ટુચકાઓ, કિસ્સાઓ જાતે બનાવી ક્રમશઃ રજૂ કરશે અને જૂથચર્ચા અને પ્રશ્નોત્તરી સ્પર્ધામાં ભાગ લઈ રજૂઆત કરે છે. |

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ● | ચાલો યાદ કરીએ | 1 |
| 1. | બજારમાં | 21 |
| 2. | એક જ દે ચિનગારી | 26 |
| 3. | જુમો ભિસ્તી | 31 |
| 4. | તને ઓળખું છું, મા | 37 |
| 5. | એક મુલાકાત | 42 |
| 6. | ધૂળિયે મારગ | 47 |
| 7. | દેશભક્ત શેઠ જગડુશા | 50 |
| 8. | આજ આનન્દ | 56 |
| 9. | દીકરાનો મારનાર | 61 |
| 10. | અઢી આના | 66 |
| 11. | વળાવી બા આવી | 73 |
| 12. | નવા વર્ષના સંકલ્પો | 77 |
| 13. | શરૂઆત કરીએ | 82 |
| 14. | સાકરનો શોધનારો | 86 |
| 15. | અખંડ ભારતના શિલ્પી | 92 |
| 16. | સુદામો દીઠા શ્રીકૃષ્ણદેવ રે! | 98 |
| 17. | સંસ્કારની શ્રીમંતાઈ | 103 |
| 18. | દુહા - મુક્તક - હાઈકુ | 107 |
| 19. | સાંઢ નાથ્યો | 111 |
| 20. | બહેનનો પત્ર | 117 |
| 21. | કમાડે ચીતર્યાં મેં | 124 |
| 22. | કિસ્સા - ટુચકા | 128 |

# ચાલો યાદ કરીએ

**અધ્યયન નિષ્પત્તિ**

**G601** વાર્તા, કાવ્યો, ચિત્ર, વર્ણન, નાટકો, ચર્ચાઓ, કિસ્સાઓ સાંભળી તથા મુખવાચન કરી તેને સમજે છે અને સર્જન કરે છે.

**G701** વાર્તા, કાવ્યો, ચિત્ર, વર્ણન, નાટકો, ચર્ચાઓ, કિસ્સાઓ સાંભળી તથા મુખવાચન કરી તેને સમજે છે અને સર્જન કરે છે.

- **સમજ :**

વિદ્યાર્થીમિત્રો, તમે વાર્તાઓ વાંચતા અને સાંભળતા હશો. પાઠ્યપુસ્તકની કવિતાઓ વાંચતા અને ગાતા પણ હશો. અને હા, ચિત્રો જોવાની અને દોરવાની તો મજા જ કંઈ ઓર હોય છે, ખરું ને? તમે ચિત્ર પરથી વર્ણન પણ લખ્યું હશે. નાટકોના સંવાદો મિત્રો સાથે છટાથી વાંચવાનો આનંદ પણ લીધો હશે. પ્રાર્થનાસભામાં, કોઈ રાષ્ટ્રીય ઉત્સવોમાં નાટક કે તેનો અંશ ભજવ્યો હોય એમ પણ બને. જુદા જુદા કિસ્સાઓ-પ્રસંગો પણ સાંભળ્યા ને વાંચ્યા હશે. આ બધું તમે નિયમિતપણે વાંચ્યું હશે ને સમજ્યા પણ હશો! કેમ ખરું ને? ક્યારેક તો એવું પણ થયું હશે કે તમે સાથે મળીને શિક્ષકની મદદ લઈને નાટક કે સંવાદ બનાવીને ભજવ્યાં હશે, વાર્તા પણ બનાવી હશે, ચર્ચાઓ, કિસ્સાઓમાં ભાગ લઈ એના આધારે તમે જાતે પણ એના પ્રસંગો અને ચર્ચાઓને આગળ વધાર્યાં હશે. વિદ્યાર્થીમિત્રો, આવું ઘણું ઘણું વાંચી સાંભળીને તમે સર્જન પણ કર્યું હશે. આ જ પ્રકારની પ્રવૃત્તિ અહીં કરવાની છે.

- **મહાવરો - 1**

1. **તમારે સાતમા ધોરણના એકમ 'ભીખુ'માં આવતા કિશોર ભીખુનું પાત્ર ભજવવાનું છે, તો તેના સંવાદો કેવા હશે તે તમારી નોટબુકમાં લખો.**
2. **તમે મેળામાં મિત્રો સાથે ગયા હશો એનું વર્ણન તમારા શબ્દોમાં લખો.**
3. **ધોરણ-7 ગુજરાતી એકમ - 1 મેળામાં આપેલા ચિત્રમાં ફુગ્ગાવાળા અને છોકરા વચ્ચે શી વાત થતી હશે એ તમારી નોટબુકમાં લખો.**
4. **ધોરણ-7ના પાઠ્યપુસ્તકમાંનો કયો પાઠ તમને સૌથી વધુ ગમ્યો? કેમ? લખો.**
5. **નીચે એક સંવાદ આપ્યો છે. તમે એને તમારી રીતે આગળ વધારીને મિત્ર સાથે મળીને અભિનય સાથે વાંચો.**

મહાદેવ - આજે તો આપણે જરા ઉતાવળ કરવી પડશે, ભાઈ!

સહપાઠી - હા, લ્યા ! આજે પરીક્ષા લેવા વિદ્યાધિકારીસાહેબ આવવાના છે ને!

મહાદેવ - એટલે જ ને! ચાલો, હડી કાઢો બધા!

(બધા દોડવાનો અભિનય કરે છે.)

સહપાઠી - 1 - મહાદેવ ! તારા ખેતરમાં તો જો! હરાઈ ગાય પેઠી છે!

______________________________

______________________________

**6. નીચે એક અધૂરી વાર્તા આપી છે એને પૂર્ણ કરો.**

બંસી ખેતરમાં જતો હતો. તે ધૂળિયા રસ્તે ચાલતો જતો હતો. તેને ખેતરે પહોંચવાની ઉતાવળ હતી. અચાનક વાડ પાસેની ઝાડીમાંથી અવાજ આવ્યો - ''એ છોકરા! મને બહાર કાઢ!'' બંસી પહેલાં તો ગભરાઈ જ ગયો. પણ પછી હિંમત એકઠી કરીને એણે ઝાડીમાં તપાસ્યું તો ત્યાં એક જૂનો મોબાઈલ પડ્યો હતો. એના પર ધૂળ વળી ગઈ હતી. એકાએક જ મોબાઈલ બોલ્યો - ''ભાઈ! મને મારા માલિકે અહીં ફેંકી દીધો છે... મારી પાસે એક એવું રહસ્ય છે કે જે જાણીને તું ચોંકી જઈશ!''

**7. આપેલા ચિત્ર વિશે દસ વાક્યો લખો.**



**અધ્યયન નિષ્પત્તિ**

**G602** પરિચિત કે અપરિચિત પરિસ્થિતિમાં પ્રસંગો તથા સ્થળો વિષે વાતચીત અને સંવાદો સમજે છે તથા રજૂઆત કરે છે.

**G702** પરિચિત કે અપરિચિત પરિસ્થિતિમાં વાતચીત, વક્તવ્યો, ચર્ચા સમજે અને યોગ્ય હાવભાવ સાથે રજૂઆત કરે છે.

- **સમજ :**

વિદ્યાર્થીમિત્રો, તમારે પરિવાર સાથે બહાર જવાનું બનતું જ હશે. તમે શાળામાંથી પ્રવાસ-પર્યટનમાં પણ જતા હશો. શાળા કે ઘરેથી કોઈ વિશેષ સ્થળની મુલાકાતે પણ ગયા હશો ત્યારે તમે ઘણું ઘણું જોયું હશે. તમને એ બધું ખૂબ ગમ્યું પણ હશે! નવાઈ લાગે એવું પણ તમે જોયું હશે. તમે નવી જગ્યાએ ગયા હશો ત્યારે તમારે કોઈની સાથે માહિતી માટે પણ સંવાદ કરવાનો થાય. તમારી પાસે પણ કોઈક માહિતી માગે ત્યારે પણ તમારે સંવાદ કરવાનો થતો હશે. આવા સંવાદો તમારા અનુભવ અને મુલાકાત પર આધાર રાખતા હોય છે, જે તમારા અનુભવમાં હોય છે. વિદ્યાર્થીમિત્રો, તમે અનુભવ અને સમજને આધારે રજૂઆત કરતા હશો, ખરું ને? ચાલો, આને લગતી પ્રવૃત્તિ કરીએ.

● મહાવરો

1. તમારી મુલાકાત અચાનક જ તમારા પ્રિય ખેલાડી/અભિનેતા/અભિનેત્રી સાથે થઈ ગઈ છે. તમે એમને કેવા પ્રશ્ન પૂછશો?
2. તમારા વિસ્તારમાં ગવાતું કોઈ એક લગ્નગીત મેળવીને અહીં લખો.
3. તમારે પ્રવાસે જવાનું હોય ત્યારે તમે શી-શી તૈયારી કરો છો, એના વિષે લખો.
4. તમારે તમારા વિસ્તારના ધારાસભ્યની મુલાકાત લેવાની હોય તો કેવી કેવી તૈયારી કરશો?
5. તમારા વિસ્તારમાં રખડતાં ઢોરની સમસ્યા હોય તો તમે શું કરશો?

2. આપેલી વાતચીત પૂર્ણ કરો.

ગંગાબહેન - મધુબહેન, મજામાં છો? ઘરે બધાં સાજાં-નરવાં?
મધુબહેન - હા, હોં! ભગવાનની મહેરબાની છે બહેન! તમે આ વખતે બહુ દહાડે દેખાયાં!
ગંગાબહેન - ____________________
મધુબહેન - કેમ કરતાં થયો અકસ્માત?
ગંગાબહેન - રસ્તો ઓળંગતી વખતે સ્કૂટરની ટક્કર વાગી ગઈ!
મધુબહેન - ____________________
ગંગાબહેન - ના! ફ્રેક્ચર તો નથી થયું! મૂઢ માર વાગ્યો બસ!
મધુબહેન - ____________________
ગંગાબહેન - ____________________

**અધ્યયન નિષ્પત્તિ**

G604 પ્રાદેશિક ગીતો અને કથાઓ સમજે તેમજ જાણે છે.
G704 કિશોરસાહિત્ય અને લોકસાહિત્યની કૃતિઓ અને નાટકો સાંભળી વાંચીને સમજે છે તેમજ કથાના સંવાદરૂપે રજૂ કરે છે.

● સમજ :

- વિદ્યાર્થીમિત્રો ! તમે કાવ્યો-ગીતો તો સાંભળો જ છો. એમાંનાં કેટલાંક ગીતો લોકગીતો પણ હોય છે. ધોરણ-6માં 'આલાલીલા વાંસડિયા' તેમજ ધોરણ-7માં 'માલમ હલેસાં માર' એ લોકગીતો જ છે.
- આલાલીલા વાંસડિયા રે વઢાવું
  એની રે ઊતરાવું મારા પ્રભુજીની વાંસળી રે લોલ!...
- માલમ મોટાં હલેસાં તું માર
  મારે જાવું મધદરિયાની પાર રે માલમ!
- ઓતરદખ્ખણથી ચડી વાદળી રે લોલ,
  ઝીણી ઝીણી ઝબૂકે છે વીજ જો! આજ આનંદ મારે આંગણે રે લોલ!

લોકગીતના કવિ અંગે કોઈ જાણકારી હોતી નથી. લોકગીત એટલે લોકોનું ગીત! લોકો દ્વારા રચાયેલું ગીત અને લોકો દ્વારા ગવાતું ગીત. લોકગીતમાં પ્રજાનું જીવન, આનંદ, સુખ-દુઃખ, પીડા, સપનાં અને ઇચ્છાઓનું નિરૂપણ થયું હોય છે. તમારા પ્રદેશમાં પણ આવાં લોકગીત-પ્રાદેશિક ગીતો હશે. લગ્નગીતો પણ લોકગીત જ કહેવાય! તમે આવાં ગીતો મેળવીને એનું સમૂહગાન જરૂર કરજો.

વિદ્યાર્થીમિત્રો, વાર્તાઓ સાંભળવાની અને વાંચવાની તો મજા જ પડે! તમે જે વાર્તાઓ સાંભળી છે કે વાંચી છે એમાં કેટલીક લોકકથાઓ પણ હોય છે. તેમાં તળપદા શબ્દોનો ઉપયોગ થયેલો હોય છે. જુદા જુદા પ્રદેશોમાં બોલીના આવા જુદા જુદા શબ્દો હોય છે. ધોરણ-6ના પાઠ્યપુસ્તકના પ્રથમ સત્રમાં 'લેખણ ઝાલી નો રહી' એ લોકકથા જ છે.

- **મહાવરો - 1 :**

  તમારા ગામ/વિસ્તારની લોકકથા વડીલો પાસેથી સાંભળી-મેળવીને વર્ગખંડમાં રજૂ કરો.

- **મહાવરો - 2 :**

  તમારા વિસ્તારનાં લોકગીત મેળવીને એનું વર્ગખંડમાં ગાન કરો.

- **મહાવરો - 3 :**

  ધોરણ-6ની લોકકથા 'લેખણ ઝાલી નો રહી' વાંચીને મિત્રો સાથે મળીને તેની નાટક રૂપે ભજવણી કરો.

- **મહાવરો - 4 :** નીચે એક લોકગીત આપ્યું છે, એનો ભાવ તમારા શબ્દોમાં લખો.

ઓતર દખ્ખણથી ચડી વાદળી રે લોલ!
ઝીણી ઝીણી ઝબૂકે છે વીજ જો
આજ આનંદ મારે આંગણે રે લોલ!
ખેડુના માથે લીલાં મોળિયાં રે લોલ!
ધોરીડાની કોટે ઘૂઘરમાળ જો,
આજ આનંદ મારે આંગણે રે લોલ!
વીરના વાવણિયે હીરલા જડ્યા રે લોલ!
મોતીડાંની સેરું ટંકાવું જો,
આજ આનંદ મારે આંગણે રે લોલ!
ધોરીની ડોકે બાંધી રાખડી રે લોલ!
વીરને લલાટ કુંકુમ ચાંદલો જો
વાવી જારું ને વાવ્યા બાજરા રે લોલ!
ધરતીએ ઓઢ્યાં લીલાં ચીર જો,
આજ આનંદ મારે આંગણે રે લોલ!
સરિતાની સેરું ચાલે જોરમાં રે લોલ!
ગવરી તો ચરે લીલાં ઘાસ જો,
આજ આનંદ મારે આંગણે રે લોલ!

## અધ્યયન નિષ્પત્તિ

**G607** સંકેતનાં બૉર્ડ, સમયપત્રક, ટ્રાફિક સિગ્નલ, નકશા, પ્રતીકો, ચિત્રો, સમાચારપત્રો, સામયિકો અને સંદર્ભ સાહિત્ય વગેરે વાંચી-સમજી શકે છે તથા વિગતો તારવી શકે છે.

**G707** સમાચારપત્રો, સામયિકો, રેલવે-બસ સમયપત્રક, કોષ્ટક, ટાઈમટેબલ વગેરે જેવી વિગતો વાંચે છે તથા જરૂરી વિગતો તારવે છે.

- **સમજ :**

વિદ્યાર્થીમિત્રો, ભાષાની જરૂર આપણને ડગલે ને પગલે પડે છે. ભાષા અભિવ્યક્તિ અને પ્રત્યાયનનું માધ્યમ છે. ભાષામાં લિપિની જેમ જ સંકેતથી પણ કામ લેવાય છે. જેમ કે, તમે ઘણાં ટ્રાફિક-સિગ્નલ જોયાં હશે. ટ્રાફિક-સિગ્નલનાં જુદાં જુદાં પ્રતીકો શું કહેવા માંગે છે, એ તમને ખબર છે અને એ મુજબ તમે અનુસરતા પણ હશો. તમે ક્યાંક ફરવા ગયા હો ત્યારે તમારા માર્ગદર્શક તરીકે તમે નકશાને પણ સાથે રાખતા હશો. નકશાવાચનને આધારે તમારી મુસાફરી કરતા હશો. કેમ, ખરું ને? તમે દરરોજ સમાચારપત્રો વાંચતા હશો. એમાં આવતા સમાચાર પ્રાદેશિક છે, પ્રાંત કક્ષાના છે, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય છે એની વિગતો તારવતા હશો જ. જ્યારે જ્યારે આવી વિગતો જુઓ છો કે વાંચો છો ત્યારે તેને સમજવું ખૂબ જ જરૂરી છે.

- **મહાવરો :**

**1. નીચે 'બાલસૃષ્ટિ' સામયિકનું એક પાનું આપ્યું છે તેના આધારે પ્રશ્નોના જવાબ લખો.**



1. બાલસૃષ્ટિનો આ અંક કયા વર્ષના કયા મહિનાનો છે?
2. 'બાલસૃષ્ટિ'ના આ અંકની કિંમત કેટલી છે?
3. 'બાલસૃષ્ટિ'ના વાચકો મુખ્યત્વે કોણ હશે?
4. 'બાલસૃષ્ટિ'ના અંકમાં શાને લગતી માહિતી વધુ હશે?
5. આ અંક પર 'આઝાદી અમર રહો' એવું સૂત્ર ખાસ કયા કારણથી લખ્યું હશે?

**2. ટ્રાફિક સિગ્નલથી તમે પરિચિત છો, એના મહત્ત્વ વિશે લખો.**

**3. અહીં ગુજરાતનો નકશો આપવામાં આવ્યો છે, તેનું અવલોકન કરો અને એના આધારે આપેલા પ્રશ્નોના જવાબ આપો.**



ગુજરાતની નદીઓ

**પ્રશ્નો :**

1. તમારે અમદાવાદથી જૂનાગઢ જવું હોય તો તમે કયા રસ્તે જશો?
2. ગાંધીનગરથી કયું શહેર વધુ નજીક છે, મહેસાણા કે પાલનપુર?
3. નકશામાં દરિયાકિનારા પર આવેલાં સ્થાનોનાં નામ લખો.
4. આ નકશામાં દેખાતાં પર્વતોનાં નામ લખો.
5. આ નકશામાં દેખાતી નદીઓનાં નામ લખો.
6. નકશામાં દેખાતી પર્વતમાળાનું નામ લખો.
7. તમારે બે-ચાર દિવસનો ગુજરાતનો પ્રવાસ કરવો હોય તો તમારા ઘરેથી ક્યાં ક્યાં જશો તેની વિગત લખો.

8. નકશામાં દેખાતાં સરોવરનાં નામ લખો.

9. ગુજરાતના આ નકશાની માહિતી આપ્યા બાદ ભારત દેશનો નકશો ધ્યાનથી જુઓ અને તેમાં આવતાં નદીઓ, સરોવરો, પર્વતો અને જોવાલાયક સ્થળો વિશે માહિતી જાણી તમારા મિત્રોને વાત કરો.

**4. ટ્રાફિક સિગ્નલોનાં ચિત્રો દોરીને એ શું સૂચવે છે તેના વિશે લખો.**

**5. આપેલી અખબારી નોંધના આધારે પ્રશ્નોના જવાબ આપો.**

મહાન બાળકેળવણીકાર ગિજુભાઈ બધેકાની જન્મજયંતી નિમિત્તે પાટનગર ગાંધીનગર ખાતે પુસ્તકમેળાનું આયોજન...

**ગિજુભાઈ બધેકા પુસ્તકમેળો**

- ગિજુભાઈ બધેકાનાં પુસ્તકો પર 30% સુધીનું વિશેષ વળતર

| **સ્થળ** | **આયોજક** |
|---|---|
| ટાઉન હૉલ, સેક્ટર 17, ગાંધીનગર | આદર્શ વિદ્યાલય અને ગુજરાત રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય ગાંધીનગર |

તારીખ - 15 નવેમ્બરથી 22 નવેમ્બર 2021

**પ્રશ્નો :**

1. આયોજક એટલે શું?
2. આ પુસ્તકમેળાનો લાભ કોણ કોણ લઈ શકશે?
3. આ પુસ્તકમેળો ક્યાં ભરાયો છે?
4. આ પુસ્તકમેળો કોની સ્મૃતિમાં યોજાયો છે?
5. ક્યાં પુસ્તકો પર વિશેષ વળતર મળશે?
6. તમે વાંચેલા કોઈ એક પુસ્તક વિશે લખો.
7. તમારા ગામમાં જાહેર જગ્યા પર લાગેલાં સૂત્રો ક્યાં ક્યાં છે? એ સૂત્રો જેવાં બીજા સૂત્રો બનાવો.

**અધ્યયન નિષ્પત્તિ**

**G609** શિક્ષકની મદદથી શબ્દકોશ, બાળકોશ અને બાળ વિશ્વકોશનો ઉપયોગ કરી આશરે 3000 જેટલા શબ્દો સમજી અને તેનો વ્યાવહારિક ઉપયોગ કરે છે.

**G709** આશરે 4000 જેટલા શબ્દો જાણે છે અને શબ્દકોશ, જોડણી તથા વ્યાવહારિક વ્યાકરણ, બાળકોશનો ઉપયોગ કરે છે.

- **સમજ :**

વિદ્યાર્થીમિત્રો, તમે ઘણી વાર્તાઓ સાંભળી હશે, ઘણાં કાવ્યો અને ગીતો ગાયાં હશે ને સાંભળ્યાં પણ હશે. એમાં તમે નવા નવા શબ્દો સાંભળ્યા હશે. એ શબ્દોના અર્થ તમે જો ન જાણતા હોય તો તમે શબ્દકોશ કે બાળકોશમાં શોધવાનો પ્રયત્ન કર્યો હશે. નવા નવા શબ્દો અને એના અર્થ આપણને વાચનથી મળતા હોય છે અને એના આધારે આપણું શબ્દભંડોળ વધતું હોય છે. વિદ્યાર્થીમિત્રો, આપણે વધુ શબ્દો જાણતા હોઈએ તો આપણી ભાષા સમૃદ્ધ થાય છે. મિત્રો, આપણે ભાષાના કૌશલ્યનો વ્યવહારમાં ઉપયોગ કરવાનો થાય છે.

- **મહાવરો :**

**1. આપેલા શબ્દોના અર્થ શબ્દકોશમાંથી મેળવી શબ્દકોશના ક્રમમાં ગોઠવો.**

ધરતી, વેદના, અસ્મિતા, વિજ્ઞાન, પ્રતિશોધ, પ્રજ્ઞા, ક્ષાર

**2. આપેલા શબ્દોનો ઉપયોગ કરીને એક ફકરો લખો અને તેને શીર્ષક આપો.**

પિચકારી - રંગ - ફાગણ - કેસૂડો - હોળૈયાં - ખજૂર - ધાણી - ઘેરૈયા - પ્રહ્લાદ અને હોલિકા - હોલિકાદહન - હોળી - ધુળેટી

**3. 'મોરનાં ઈંડાં ચીતરવાં ન પડે' કહેવતને તમારા શબ્દોમાં સવિસ્તાર લખો.**

**4. આપેલા ફકરામાં રેખાંકિત શબ્દોને સ્થાને કૌંસમાં આપેલ શબ્દોમાંથી સમાન અર્થ ધરાવતો શબ્દ મૂકી ફકરો ફરીથી લખો.**

(વરસાદ, ખેડૂત, ખુશ, આકાશ, પક્ષીઓ, રાહ, ઝાડ, વાદળ)

<u>નભ</u>માં <u>ઘન</u> ઘેરાયાં હતાં. <u>વર્ષા</u> આવશે એવું લાગતું હતું. બધા <u>કૃષક</u> <u>પ્રસન્ન</u> થઈ ગયા. <u>વૃક્ષ</u> પરનાં <u>વિહંગો</u> પણ જાણે મેઘરાજાની <u>પ્રતીક્ષા</u>માં હતાં.

**5. ખોટો શબ્દ છેકી નાખી વાક્ય ફરીથી લખો.**

1. વિષ્ણુના પાણીમાં/પાણિમાં ચક્ર હતું.
2. ઘઉં રવિ/રવી પાક છે.
3. મીઠાની ગુણ/ગૂણનો ભાર ગધેડો ઊંચકી ન શક્યો.
4. નદીમાં પૂર/પુર આવ્યું.
5. તેનો મધુર સુર/સૂર સાંભળીને અમને મજા આવી ગઈ!

**6. નીચેના શબ્દોનું વર્ગીકરણ કરો :**

(બેઠક, સળી, ઘી, ઓરડો, લીમડો, ફળિયું, જળ, સળિયો, પૂરી)

| સ્ત્રીલિંગ | પુલ્લિંગ | નપુંસકલિંગ |
|---|---|---|
| | | |
| | | |

**અધ્યયન નિષ્પત્તિ**

**G610** મુલાકાત વખતે આત્મવિશ્વાસપૂર્વક પોતાની વાત રજૂ કરી, પ્રશ્નોત્તરી કરી શકે છે.

**G710** વિશેષ વ્યક્તિ, સંસ્થા, પરિચિત પ્રસંગો-સ્થળોની મુલાકાત લેશે અને પરિસ્થિતિ સંદર્ભે પોતાના અનુભવો, વિચારો અને મંતવ્યો આત્મવિશ્વાસપૂર્વક રજૂ કરે છે.

- **સમજ :**

વિદ્યાર્થીમિત્રો, તમારે ઘણીવાર કોઈ મિત્ર, સગાંસંબંધી કે અજાણી વ્યક્તિને મળવાનું થતું જ હશે. મનુષ્ય સમાજમાં રહે છે. સમાજ એટલે વ્યક્તિઓનો સમૂહ. વ્યક્તિઓ વચ્ચે વાતચીત થતી રહે છે. ચર્ચા અને સંવાદ થતા

રહે છે. આપણે ઘણીવાર બોલવાનું થતું હોય છે તો ઘણીવાર સાંભળવાનું થતું હોય છે. જ્યારે આપણે આપણી વાત કોઈને બોલીને કહેવાની હોય ત્યારે આપણે આત્મવિશ્વાસથી બોલીએ તે જરૂરી છે. આપણે કશીક જાણકારી માટે કોઈ અન્ય વ્યક્તિને પ્રશ્નો પણ પૂછવાના થતા હોય છે. એ વખતે આપણે યોગ્ય રીતે પ્રશ્નો પૂછીએ એ પણ જરૂરી છે. આપણે જે માહિતી મેળવવા માગતા હોઈએ તેના આધારે પ્રશ્નો પૂછીએ તો જ યોગ્ય ઉત્તર મળી શકે.

- **મહાવરો :**

1. **તમારે કોઈ લેખકને મળવાનું થાય ત્યારે તમે એમને કેવા-કેવા પ્રશ્નો પૂછશો? ઓછામાં ઓછા પાંચ પ્રશ્નોની યાદી બનાવો.**
2. **તમારા ગામ/શહેરમાં જુદાજુદા કારીગરો હશે, તમે તેમને જુદીજુદી વસ્તુ બનાવતાં જોયા હશે. એ વસ્તુ કેવી રીતે બનાવે છે તેના વિશે પ્રશ્નો પૂછો. તમે વિચારેલા પ્રશ્નો લખો.**

**અધ્યયન નિષ્પત્તિ**

**G611** પાઠ્યપુસ્તક અને વાંચેલી, સાંભળેલી, જોયેલી સામગ્રીમાંથી માહિતી મેળવવા શા માટે? કેવી રીતે? જેવા પ્રશ્નો પૂછી કાર્યકારણ સંબંધો તારવી જવાબ આપે છે, ઉકેલ મેળવે છે.

**G711** પાઠ્યપુસ્તક અને સાંભળેલી કે વાંચેલી અનુભવજન્ય સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી વૈકલ્પિક તથા અન્ય પ્રશ્નોના જવાબો લખે છે.

- **સમજ :**

વિદ્યાર્થીમિત્રો, તમે વરસાદના દિવસોમાં જોયું હશે કે મોટા ભાગના લોકો છત્રી સાથે લઈને જ બજારમાં નીકળતા હોય છે. મુસાફરીમાં પાણીની બોટલ સાથે રાખતા હોય છે, રાત્રે બહાર નીકળતી વખતે ટોર્ચ સાથે રાખતા હોય છે. આ બધી બાબતોને સમજીએ તો કોઈ ને કોઈ કારણસર આપણે તે કામ માટે જરૂરી પૂર્વઆયોજન કરતા હોઈએ છીએ. બીજી વાત સમજીએ તો આકાશમાં વાદળ જોઈએ તો વરસાદ આવશે તેનો ખ્યાલ આવે છે, દૂર ક્યાંક ધુમાડો નીકળતો જોઈ આગ લાગી હોય કે કંઈક સળગતું હોય તેવું જણાય છે. બસ, આવી જ રીતે આપે પણ આગળનાં ધોરણમાં કેટલીક વાર્તાઓ, કવિતાઓ, ચિત્રો કે ઘટનાઓ વાંચી-સાંભળી હશે, જેમાંથી તમે અનુમાન કરતાં શીખ્યા હશો, તમે આવી ઘટનાઓ કેમ બની હશે તેવું અનુમાન કરવા પણ સક્ષમ બન્યા જ હશો. બસ, અહીં એવા જ પ્રકારની કેટલીક પ્રવૃત્તિઓ આપવાનો પ્રયાસ કર્યો છે, જેમાં ઘટના સાથે તેના કોઈ કારણને સંબંધ હોય. તમે કોઈ ઘરને શણગારેલું જુઓ ત્યારે .... તમે વિચારો છો કે તે ઘરમાં કોઈ શુભ પ્રસંગ કે ઉજવણી થનાર હશે. આ બાબતને ધ્યાને લઈ નીચેના પ્રશ્નોના ઉત્તર વિચારીને લખો.

- **મહાવરો-1 :**

કોઈની કારને શણગારેલી જુઓ તો...
કોઈના ઘરની બહાર ફ્રીજનું ખોખું જુઓ તો...
બજારમાં પતંગો વેચવાનું શરૂ થાય તો...
દિવાળી પર ખરીદી માટે મમ્મી-પપ્પા બજારમાં સાથે આવવાનું કહે તો...
શાળામાં કોઈને આજનું ગુલાબ જાહેર કરે તો...

2. **આપેલાં વાર્તાનાં ચિત્રોને તેમાં બનતી ઘટનાના આધારે યોગ્ય ક્રમ આપી તેમાં બનતી ઘટનાને સમજી તે મુજબ યોગ્ય ક્રમમાં વાર્તા લખો.**













**3. તમે સાંભળેલી કે વાંચેલી વાર્તાને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

- તમારી વાર્તાનું નામ શું છે ?
- તમારી વાર્તામાં કયાં કયાં પાત્રો આવે છે ? તેનાં નામ લખો.
- વાર્તામાં તમને કયું પાત્ર સૌથી વધુ ગમ્યું ?
- વાર્તામાં કઈ ઘટના બની ?
- વાર્તામાં કઈ ઘટના તમને ન ગમી ?
- વાર્તાના કોઈ એક પાત્રમાં તમે હો તો શું કરો ?

**4. નીચેનો ફકરો વાંચીને તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.**

ભારતના વિષુવવૃત્તીય વર્ષાવનનું બીજું જાણીતું પ્રાણી હાથી છે. હાથી એ ઘણી જ નોંધપાત્ર રીતે વર્ષાવનમાં અનુકૂલન મેળવે છે. તેની સૂંઢને જુઓ. તે તેનો નાક તરીકે ઉપયોગ કરે છે, જે ગંધ પ્રત્યે અતિ સંવેદનશીલ છે. ખોરાકને પકડવા માટે પણ સૂંઢનો ઉપયોગ થાય છે. વળી, હાથીના રૂપાંતરિત દાંત વૃક્ષની છાલ જે તેનો પ્રિય ખોરાક છે તેને ઉખાડવામાં ઉપયોગી છે. આમ, હાથી ખોરાક માટેની હરીફાઈને સહેલાઈથી સંભાળી શકે છે. હાથીના મોટા કાન તેને અત્યંત મૃદુ અવાજ સાંભળવામાં મદદરૂપ છે.

**પ્રશ્નો :**

1. આ ફકરામાં કયા પ્રદેશની વાત છે?
2. હાથીના દાંતને 'રૂપાંતરિત દાંત' કેમ કહ્યા છે?
3. આ હાથી માટે સૂંઢનો ઉપયોગ શો છે?
4. આ હાથીનો પ્રિય ખોરાક કયો છે?
5. અનુકૂલન મેળવવું એટલે શું?

**અધ્યયન નિષ્પત્તિ**

**G612** જોયેલી, સાંભળેલી કે વાંચેલી અનુભવજન્ય સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી વૈકલ્પિક તથા અન્ય પ્રશ્નોના જવાબ લખે છે.

**G712** જોયેલી, સાંભળેલી કે વાંચેલી તથા પાઠ્યપુસ્તક અને અન્ય સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી પ્રશ્નોના જવાબ લખે અને કાર્યકારણ સંબંધોને આધારે વધારે માહિતી મેળવવા 'શા માટે' અને 'કેવી રીતે' જેવા પ્રશ્નો પૂછીને જવાબ આપે છે.

- **સમજ :**

વિદ્યાર્થીમિત્રો, દરરોજ ઘરમાં, ફળિયામાં કે શાળામાં તમે ઘણું બધું સાંભળતા હો છો. એવી જ રીતે પાઠ્યપુસ્તકો અને અન્ય પુસ્તકો તેમજ છાપું વાંચીને પણ વાંચેલી સામગ્રીમાંથી તમે એમાંથી યોગ્ય તારણ કાઢતા હો છો. કોઈ જરૂરિયાતના સમયે કોણ તે કામ કરે છે તે તમે અગાઉ સાંભળેલી કે વાંચેલી બાબતને ધ્યાને રાખી જવાબ

આપતા હો છો. દા.ત. પાણીનો નળ બગડી ગયો છે તો મનજીભાઈ રિપેર કરી આપશે તેવું તમે કહેતા હો છો તે અગાઉનો અનુભવ જણાવે છે. છાપાં અને ટેલિવિઝનમાં આવતી બાબતો આનાં ઉત્તમ દૃષ્ટાંતો છે. અહીં જે મહાવરો આપવામાં આવ્યો છે એમાં તમારે આ જ પ્રકારની બાબતને ધ્યાને લઈ ઉત્તર આપવાના છે.

- **મહાવરો :**

**1. તમે તમને મળતું કોઈ એક વર્તમાનપત્ર (છાપું) લો. તેના આધારે નીચેની વિગતોના જવાબ આપો.**

- તમારી પાસે કયું વર્તમાનપત્ર (છાપું) છે?
- છાપામાં કઈ-કઈ બાબતો આપેલી છે?
- છાપામાં કઈ-કઈ જાહેરાત આપેલી છે?
- છાપામાં આપેલી કઈ બાબત તમને ગમી? શા માટે?
- અખબારમાં કોઈ રમત વિશેની વાત આપેલી છે? જો હા તો કઈ?
- છાપામાં કોઈ ચીજવસ્તુ તેના ભાવ સાથે આપેલી છે? જો હા તો કઈ?
- છાપામાં ભારત સિવાય અન્ય દેશના સમાચાર આપેલા હોય તે દેશોનાં નામ લખો.

**2. નીચે પૂરી બનાવવાની રીત આપી છે, તે વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો. જરૂર જણાયે તમારા મિત્રો, શિક્ષક કે કુટુંબીજનોની મદદ લો.**

સૌ પ્રથમ ઘઉંનો લોટ લો. તેમાં સપ્રમાણ મીઠું, પાણી અને તેલ નાખો. પછી તેને યોગ્ય રીતે મસળી લોટ બાંધો. લોટ બંધાઈ ગયા બાદ ચૂલો, સગડી કે ગેસ પર કડાઈ મૂકો. કડાઈમાં જરૂર મુજબનું તેલ લો. તેલને ધીમે તાપે તપવા દો. ત્યાર બાદ ઘઉંના લોટની પૂરી પાટલી વેલણથી નાની નાની પૂરીઓ બનાવો. બનાવેલી પૂરીને ઊકળતા તેલમાં મૂકી તળી લો.

- અહીં શું બનાવવાની રીત આપેલી છે?
- તે ચીજ શેમાંથી બને છે?
- ઘઉંના લોટની જેમ અન્ય જે જે અનાજનો લોટ બનતો હોય   તે અનાજનાં નામ લખો.
- ઘઉંના લોટમાંથી પૂરી સિવાય અન્ય કઈ કઈ ચીજવસ્તુઓ બને છે તેની યાદી લખો.
- પૂરીની જેમ બીજી કઈ-કઈ ચીજવસ્તુઓ તળીને બનાવી શકાય છે ? તે ચીજવસ્તુઓનાં નામ લખો.
- તમારા ઘરમાં કયું ખાદ્યતેલ વપરાય છે, તેનું નામ લખો.
- તમારી જાણમાં અન્ય કયાં ખાદ્યતેલ છે, તેનાં નામ લખો.
- અહીં આપેલી રસોડાની એક સામગ્રી પાટલી અને વેલણ બંને થઈને એક જોડી બને છે. આવી જ રીતે તમારા રસોડા/ઘરમાં કઈ કઈ એવી સામગ્રી છે જેની જોડ બની શકે છે તેનાં નામ લખો.

**અધ્યયન નિષ્પત્તિ**

**G611 સાંભળેલી કે વાંચેલી અનુભવજન્ય સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી વૈકલ્પિક તથા અન્ય પ્રશ્નોના જવાબ લખે છે.**

- **સમજ :**

વિદ્યાર્થીમિત્રો, આપણે જ્યારે વાંચીએ છીએ ત્યારે એકલું વાંચતા નથી, પરંતુ સાથે સાથે સમજતા પણ હોઈએ

છીએ. મતલબ, આપણે સમજપૂર્વકનું વાંચીએ છીએ. જો સમજપૂર્વકનું વાંચન ન થાય તો વાંચવાની જે સામગ્રી હોય એની વિગતો આપણને સમજાતી નથી.

જેમ કે, અહીં એક ફકરો આપવામાં આવ્યો છે એ ફકરાનું સમજપૂર્વક વાચન કરીને જ્યારે એ ફકરાના આધારે પ્રશ્નોના જવાબ આપવાના થાય ત્યારે આપણે ફકરાની વિગતો બરાબર યાદ રાખવી પડે. જો આપણે સમજણપૂર્વક ફકરાનું વાંચન કર્યું હોય તો વારંવાર આપણે એ ફકરાને વાંચવો ન પડે! ચાલો, ફકરાને વાંચીને નીચેના પ્રશ્નોના જવાબ આપો.

અમારાં નાનીમાનું નામ શાંતાબહેનઃ ઉજળો વાન, પાતળો બાંધો, નહિ બહુ ઊંચાં, નહિ બહુ નીચાં, સપ્રમાણ શરીર, વાત્સલ્ય ટપકાવતી આંખો. બોલમાં મીઠાશ જ નહિ, અનુભવનું નવનીતેય નીતરે. અમને જીવનના પાઠ ભણાવવામાં એય ભાગીદાર. ભણ્યાં નહોતાં. એ કાળે તો છોકરીઓને ભણાવવામાં માનતું જ કોણ હતું? પણ ગણતર જબરું! ધાર્મિક સંસ્કાર પણ ખરા. એમના પિયરના ગામ લવારપુરમાં સ્વામિનારાયણ સંપ્રદાયનો પ્રભાવ. શાન્તાબામાં સાહજિકપણે એ બધું ઊતરી આવેલું. પણ એમનો ધર્મ જરાય બોલકો નહિ. દેખાડો તો મુદ્દલ ન મળે. કર્મકાંડ પણ એમના દ્વારા કર્મયોગમાં પરિણમે!

**પ્રશ્નો :**

1. નાનીમા કોને કહેવાય?
2. શાંતાબાના વ્યક્તિત્વનું ટૂંકમાં વર્ણન કરો.
3. આ ફકરામાં માખણ શબ્દ માટે કયો શબ્દ આપવામાં આવ્યો છે?
4. શાંતાબા એક ધાર્મિક વ્યક્તિ તરીકે કેવાં હતાં?
5. કર્મ શબ્દથી શરૂ થતાં બીજા પાંચ શબ્દો લખો.

વિદ્યાર્થીમિત્રો! ક્યારેક આપેલી સામગ્રી, ઘટના કે પ્રસંગને આધારે તો ક્યારેક અનુભવના આધારે આપણે જવાબ આપવાના થાય છે. આ પરિસ્થિતિમાં સામગ્રી, ઘટના કે પ્રસંગની વિગતો બરાબર સમજપૂર્વક આત્મસાત્ થયેલી હોય એ ખૂબ જ જરૂરી છે.

જેમ કે,

તમારા જીવનમાં બનેલા યાદગાર પ્રસંગ વિશે લખો.

જ્યારે આવો પ્રશ્ન હોય ત્યારે આપણે આપણા જીવનમાં ઘણા યાદગાર પ્રસંગ બન્યા હોય એમાંથી જે સૌથી વધારે યાદગાર હોય એને યાદ કરીને લખવાનો પ્રયત્ન કરીએ છીએ.

આ ઉપરાંત વિદ્યાર્થીમિત્રો, ઘણીવાર કઈ લેખિત સામગ્રીના આધારે આપણે જવાબ આપવાના થાય ત્યારે એક કરતાં વધુ વિકલ્પ હોય ત્યારે જવાબ આપવામાં મૂંઝવણ ઊભી થતી હોય છે ત્યારે આવા એક કરતાં વધુ વિકલ્પવાળા જવાબ આપવાના હોય ત્યારે આપણે એકદમ નજીકનો અર્થ પસંદ કરીને જવાબ આપતા હોઈએ છીએ. જેમ કે, અહીં એક ફકરો આપવામાં આવ્યો છે અને એના આધારે પ્રશ્નોના જવાબ તમારે એક કરતાં વધુ વિકલ્પ આપવામાં આવ્યા હોય ત્યારે આપણે એ ફકરાને બરાબર સમજવો પડે. ચાલો, આપણે એક ફકરો ઉદાહરણ તરીકે જોઈએ.

**ફકરો**

રાજા સૂરસેન મહાન રાજા હતા. તેઓ બહુ જ ચતુર હતા. તેઓ લગભગ સો વર્ષ જીવ્યા હતા. રાજસભામાં

એ ભાગ્યે જ મોડા પહોંચતા. એકવાર તેઓ પોતાની રાજસભામાં બેઠા હતા ત્યારે તેમની સભામાં એક સાધુ જેવો લાગતો માણસ આવ્યો. એના હાથમાં એક જરીપુરાણો ગ્રંથ હતો. સાધુએ કહ્યું, હે અવંતિનરેશ! મારા એક પ્રશ્નનો જવાબ તમારી સભામાંથી કોણ આપશે?

**પ્રશ્નો :**

1. રાજા સૂરસેન ________________ હતા.
   (એ) ચતુર (બી) મહાન (સી) ચતુર અને મહાન
2. સૂરસેન લગભગ સો વર્ષ જીવ્યા હતા. એનો મતલબ...
   (એ) પૂરાં સો વર્ષ (બી) સોથી વધુ (સી) સોથી થોડાંક ઓછાં
3. આ ફકરામાં બહુ જ જૂના માટે કયો શબ્દ વપરાયો છે?

જોયું વિદ્યાર્થીમિત્રો! ઉપરના ફકરાના આધારે વૈકલ્પિક પ્રશ્નો આપવામાં આવ્યા છે ત્યારે એક કરતાં વધુ વિકલ્પોમાંથી આપણે જવાબ પસંદ કરવો હોય ત્યારે આપણે એમાં આપવામાં આવેલા શબ્દો અને તેના અર્થ પણ જાણવા ખૂબ જ જરૂરી બની જાય છે.

- **મહાવરો :**

**1. આપેલી ઘટના/પ્રસંગને વાંચો અને સમજો. ત્યારબાદ ઘટનાને આગળ વધારો.**

એક દિવસ જનક રસ્તાની બાજુમાં ચાલી રહ્યો હતો. અચાનક જ એણે ‘બચાવો-બચાવો’ એવી બૂમ સાંભળી. જનકે જોયું તો રસ્તાની પાસેની ઝાડીમાં એક વૃદ્ધ માણસ પીડાથી કણસતો પડ્યો હતો...

**2. તમને યાદ રહી ગયો હોય એવો તમારી જિંદગીનો સારો બનાવ કયો? એનું વર્ણન લખો.**

**3. તમને ટીવી પર આવતો કયો કાર્યક્રમ સૌથી વધારે ગમે છે? કેમ? એ કાર્યક્રમ વિશે ટૂંકમાં માહિતી આપો.**

**4. ટીવી અને રેડિયો પર રાજ્યમાં વાવાઝોડા અંગેના સમાચાર પ્રસારિત થાય ત્યારે તમે કઈ આગોતરી તકેદારી રાખશો?**

**5. તમારો જન્મદિવસ તમારે જુદી જ રીતે ઊજવવો હોય તો તમે કયા-કયા વિકલ્પ વિચારશો? કેમ?**

**6. તમારા મિત્ર સાથે તમે ફરવા જાઓ છો, મિત્ર તમને ફિલ્મ જોવાનું કહે છે જ્યારે તમારી ઇચ્છા પુસ્તકમેળામાં જવાની છે. આ સ્થિતિમાં તમે શું કરશો? કેમ?**

**અધ્યયન નિષ્પત્તિ**

**G613 ટુચકાઓ, વાર્તાઓ, જીવનપ્રસંગો અને પોતાના અનુભવોની રજૂઆત કરે છે.**

- **સમજ :**

વિદ્યાર્થીમિત્રો, ભાષાના માધ્યમ દ્વારા આપણે રમૂજી ટુચકા કહી-સાંભળી આનંદ અનુભવતા હોઈએ છીએ.

એવી જ રીતે વાર્તા એક એવો વિષય છે કે આપણે એકવાર સાંભળી કે વાંચીને બીજાને કહેતા હોઈએ છીએ. મહાન લોકોના જીવનપ્રસંગો પણ આપણે ઘરે કે શાળામાં વાંચતા-સાંભળતા હોઈએ છીએ. આ ઉપરાંત આપણા પોતાના જીવનના અનુભવો પણ આપણને યાદ રહી જતા હોય છે. એ અનુભવોમાં કેટલાક અનુભવોની વાત આપણે આપણા મિત્રો, સ્વજનોને કહેતા હોઈએ છીએ. અહીં એ જ પ્રકારની કેટલીક પ્રવૃત્તિઓ આપવામાં આવી છે, જે તમે શિક્ષકની મદદ લઈને અવશ્ય કરજો.

- **મહાવરો :**

  - તમને મનપસંદ પાંચ રમૂજી ટુચકા લખો.
  - તમારા જીવનમાં તમને થયેલા વિશિષ્ટ અનુભવની વાત લખો.
  - તમે જુદા જુદા મહામાનવોના જીવનપ્રસંગો વાંચ્યા હશે, એમાંથી કોઈ બે મહામાનવ વિશે ટૂંકમાં લખો.
  - નીચે બે મહામાનવોનાં જીવનની ઘટનાઓ ભેગી થઈ છે. તેને જુદી તારવીને લખો.

- તેમનું વતન પોરબંદર, સરદાર પટેલનું વતન કરમસદ. મહાત્મા ગાંધીનો જન્મ 2જી ઑક્ટોબર, 1869માં થયો હતો. તેમનો જન્મ 31મી ઑક્ટોબર 1875માં થયો હતો. તેમનાં માતાનું નામ પૂતળીબાઈ અને પિતાનું નામ કરમચંદ ગાંધી હતું. તેમનાં માતાનું નામ લાડબાઈ અને પિતાનું નામ ઝવેરભાઈ પટેલ હતું. તેમને સૌ મહાત્મા ગાંધી તરીકે ઓળખે છે. તેઓ સરદાર અને લોખંડી પુરુષ તરીકે જાણીતા થયા હતા.

## અધ્યયન નિષ્પત્તિ

**G616 સ્વતંત્રલેખન કરે છે. (કાવ્ય, ઉખાણાં, મુદ્દા પરથી વાર્તા, પત્રલેખન, નિબંધલેખન, અહેવાલ)**

- **સમજ :**

વિદ્યાર્થીમિત્રો, આપણે બોલીને આપણા વિચારો, લાગણીઓ અને તર્ક રજૂ કરતા હોઈએ છીએ. તેવી જ રીતે ક્યારે આપણે આપણા વિચારો, સંવેદના અને લાગણી લખીને પણ વ્યક્ત કરતા હોઈએ છીએ. લખવું એ કૌશલ્ય છે અને એટલે આપણે લખવાની કળા અને કૌશલ્યને આત્મસાત્ કરવા માટે મહાવરો કરવો જોઈએ. આપણે શાળામાં જુદાં જુદાં પ્રકારનાં લેખન કરતા હોઈએ છીએ. જેમ કે, મુદ્દા પરથી વાર્તાલેખન, પત્રલેખન, નિબંધલેખન, રજાચિઠ્ઠી વગેરે લખવાની કળા આત્મસાત્ કરવા માટે આપણે જરૂરી પ્રવૃત્તિઓ કરતા રહીએ. સાચી જોડણી કરવાનો આગ્રહ રાખીએ. બે શબ્દો વચ્ચે જરૂરી અંતર રાખીએ અને આપેલા મુદ્દાને બરાબર સમજીને લખીએ તો આપણું લેખન વધારે સારું બને છે.

અહીં તમને લેખનના જુદા જુદા પ્રકારોને લગતો મહાવરો પૂરો પાડવામાં આવે છે. મુદ્દા પરથી વાર્તા, પત્ર અને નિબંધલેખનને લગતી પ્રવૃત્તિઓ તમે યોગ્ય રીતે જરૂર કરજો.

- **મહાવરો - 1 :**

**નીચે વાર્તાના વાક્યો આડાઅવળા થઈ ગયા છે એમને વાર્તાના ક્રમમાં મૂકો.**

- રાજાએ દરવાનની રાજભક્તિનાં વખાણ કર્યાં અને ઇનામ આપીને એનું સન્માન કર્યું.

- બીજે દિવસે રાજાએ દરવાનને રાજસભામાં તેડાવ્યો.
- રાજાને એક રાતે નગરચર્યા કરવાનું મન થયું.
- તેઓ ઉદાર અને પ્રજાવત્સલ હતા.
- દરવાનને રાજાએ રાત્રિની બીના કહી સંભળાવી.
- ગરીબના વેશમાં રહેલા રાજાએ કહ્યું કે અત્યારે કોણ જોવાવાળું છે?
- દરવાને વિનમ્રતાથી કહ્યું કે કોઈ અજાણ્યાને રાત્રે નગરમાં પ્રવેશવાની અનુમતિ નથી.
- અમરાવતી નગરીના રાજા રાજદીપ સિંહ હતા.
- દરવાનને થયું કે રાજા મને કારાગૃહમાં મોકલી દેશે!
- દરવાન પાસે જઈને ગરીબ વેશમાં રહેલા રાજાએ નગરમાં પ્રવેશવાની માગણી કરી.
- તેમણે ગામડાના એક ગરીબ માણસનો વેશ લીધો.
- જોકે, તેની ધારણા ખોટી પડી.
- સોનામહોરના બદલામાં દરવાને ગુસ્સે થઈને રાજાને તમાચો મારી દીધો.
- વારંવાર દરવાને ના પાડી એટલે રાજાએ એની સામે એક સોનામહોર ધરી.

ઉપર આપેલા વાક્યો પરથી વાર્તા બનાવીને લખો.

1. **વિદ્યાર્થીમિત્રો, અહેવાલ એટલે કોઈ કાર્યક્રમ કે પ્રવૃત્તિ થઈ ગયા પછી એના વિશે ટૂંકમાં લખીને અપાતો ચિતાર. અહેવાલ ટૂંકમાં અને મુદ્દાસર લખવો જરૂરી છે. તમે છાપાં કે સામયિકમાં છપાયેલા અહેવાલ વાંચ્યા હશે. નીચે આપેલા વિષય પર અહેવાલલેખન કરો.**

- તમારી શાળામાં જિલ્લાકક્ષાનું પર્યાવરણ-વિજ્ઞાન, ગણિત-પ્રદર્શન યોજાયું હતું. એ વિશેનો અહેવાલ 250-300 શબ્દોમાં લખો.

- **મહાવરો - 2 :**

વિદ્યાર્થીમિત્રો, નીચે એક પત્ર આપવામાં આવ્યો છે, એમાં કેટલાક શબ્દો આપવામાં આવ્યા નથી. તમારે કૌંસમાં આપેલા આ શબ્દનો ઉપયોગ કરીને ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકવાનો છે અને પત્ર પૂરો કરીને એનું મોટેથી વાચન કરવાનું છે.

(પરિવાર, અહીં, ઉનાળા, ઠંડક, મ્યુઝિયમ, યાદ, ગરમી, જાણીતાં, શાળાઓ)

અલ્પેશ દેસાઈ
દેસાઈ ફળિયું, હાલીસા,
તા. દહેગામ, જિ. ગાંધીનગર
તા.9/5/2021

પ્રિય મિત્ર કુલદીપ,

મજામાં હોઈશ. હું પણ __________ મજામાં છું.

આ __________ ના દિવસોમાં હું મારા __________ સાથે માઉન્ટ આબુ ફરી આવ્યો. તું ગયા વર્ષે આબુ જઈને આવ્યો ત્યારે મને આબુના પ્રવાસે જવાનું સૂચન કરેલું. એ હું ભૂલ્યો નહોતો. સાચે જ આબુમાં મને __________ નો અનુભવ થયો. આબુ એટલે આબુ! આબુમાં અમે ત્રણ દિવસ રોકાયા અને અહીંનાં લગભગ બધાં જ __________ સ્થળોની મુલાકાત લીધી. અમને નખી તળાવ, સનસેટ પોઈન્ટ તેમજ દેલવાડાનાં દેરાં, ટોડ રોક, ગુરુશિખર અને અચલગઢ જોવાની મજા આવી. અને હા, અહીંનું __________ પણ જોવાલાયક છે. આર્ટ ગેલેરીને પણ કેમ ભુલાય? અત્યારે કચ્છમાં ખૂબ જ ગરમી પડે છે. તું __________ થી બચવા માટે જરૂરી કાળજી લેતો હોઈશ. આ રજાઓમાં તું પરિવાર સાથે ક્યાંય ફરવા ગયો હતો કે કેમ તે જરૂર લખી જણાવજે. હવે તો __________ ખૂલે એટલે અમદાવાદ ખાતે મળીશું. તારા પરિવારમાં સૌને __________ આપજે!

તારો મિત્ર,
અલ્પેશ

**4. નીચે નિબંધ માટેના કેટલાક મુદ્દા આપવામાં આવ્યા છે. એનો ઉપયોગ કરીને નિબંધ લખો.**

- મારા પ્રિય શિક્ષક

શિક્ષકનું નામ - પહેરવેશ - એ ભણાવતા હોય એ વિષયો - એ કેવી રીતે ભણાવે છે - વિદ્યાર્થીઓ સાથેનું તેમનું વર્તન - આચાર્ય અને અન્ય શિક્ષકો સાથેનું તેમનું વર્તન - તમને એ શિક્ષક કયા કારણે પ્રિય છે.

**અધ્યયન નિષ્પત્તિ**

**G717 બિલ, રિસીપ્ટ, રેપર, રિપૉર્ટ, જાહેરાત વગેરેમાં આપેલી માહિતી સમજે છે અને ઉપયોગ કરે છે.**

- **સમજ :**

વિદ્યાર્થીમિત્રો, તમે દુકાન કે મોલમાં મમ્મી-પપ્પા સાથે ખરીદી કરવા જતા હશો. ત્યાંથી ખરીદીનું બિલ પણ તમને મળતું હશે. એ બિલનો તમે અભ્યાસ કર્યો છે? એમાં કઈ કઈ વિગતો લખેલી હોય છે? એમાં તારીખ, ખરીદેલી વસ્તુઓનાં નામ, એનો ભાવ લખેલ હોય છે. સાથે સાથે ચૂકવવાપાત્ર કુલ રકમ પણ લખેલી હોય છે. વળી, ડિસ્કાઉન્ટ આપ્યું હોય તો એ પણ લખ્યું જ હોય છે. તમે એમાં જીએસટી પણ ઉમેરાયેલો જોયો હશે.

આવી જ રીતે રિસીપ્ટ (પહોંચ), જાહેરાત વગેરેમાં ઘણી બધી માહિતી મળે છે, જે આપણને ઘણી જ ઉપયોગી હોય છે. જેની રોજિંદા વ્યવહારમાં જરૂરિયાત પણ હોય છે. અહીં આ પ્રકારની પ્રવૃત્તિ આપવામાં આવી છે.

| કેશ મેમો<br>કુદરત પ્રોવિઝન સ્ટોર્સ<br>પરા બજાર, શોપ નં. 256,<br>રાજકોટ<br>રજિસ્ટર નંબર N/45154 | | | | |
|---|---|---|---|---|
| તારીખ : 09/07/2019 | | | | |
| શ્રી/શ્રીમતી : ધનજીભાઈ કુબેરભાઈ ઝાટકિયા | | | | |
| ક્રમ | વિગત | જથ્થો | રકમ રૂપિયા | |
| 1 | બિસ્કિટ (100 ગ્રામ) | 3 પેકેટ | 30 | 00 |
| 2 | વૉશિંગ પાવડર | 1 કિલોગ્રામ | 45 | 00 |
| 3 | બાજરીનો લોટ | 2 કિલોગ્રામ | 40 | 00 |
| 4 | ચાંદની સાબુ (125 ગ્રામ) | 4 નંગ | 60 | 00 |
| 5 | બાસમતી ચોખા | 1 કિલોગ્રામ | 65 | 00 |
| 6 | દૂધ (500 ગ્રામ) | 3 થેલી | 90 | 00 |
| | કુલ ત્રણસો ત્રીસ પૂરા | | 330 | 00 |

**પ્રશ્નો :**

1. આ બિલ કઈ દુકાન/ફર્મ/એજન્સીનું છે?
2. ખરીદી કરનાર કોણ છે?
3. ખરીદી કઈ તારીખે કરવામાં આવી છે?
4. આ દુકાનમાં શાનું વેચાણ થાય છે?
5. કુલ કેટલા રૂપિયાની ખરીદી કરવામાં આવી છે?

**અધ્યયન નિષ્પત્તિ**

**G619** ઉચ્ચારણ, વિરામચિહ્નો, સંજ્ઞા, નામપદ, ક્રિયાપદ, વિશેષણ, સારાંશલેખન વગેરે જેવા વ્યાવહારિક વ્યાકરણ જાણે છે અને તેનો ઉપયોગ કરે છે.

- **સમજ :**

વિદ્યાર્થીમિત્રો, આપણે જ્યારે પણ લેખન કરીએ છીએ ત્યારે કેટલીક બાબતોનું ધ્યાન રાખતા હોઈએ છીએ. ખાસ કરીને વિરામચિહ્નોની સમજથી આપણે લખીએ તો આપણું લખાણ વધુ અસરકારક અને સાર્થક ઠરે છે. તેવી જ રીતે ક્રિયાપદ, વિશેષણ તેમજ વર્તમાનકાળ, ભૂતકાળ, ભવિષ્યકાળ વગેરેને ધ્યાનમાં રાખીને જો આપણે લેખન

કરીએ તો તે વધારે સચોટ બને છે. તેવી જ રીતે આપણે કોઈ પણ ફકરાનું કે કવિતાનું સારલેખન કરવાનું પણ બને છે. આપણે લેખનની જરૂરી કળા પણ હસ્તગત કરવી જોઈએ. ટૂંકમાં, લખતી વખતે કેવી રીતે લખવું, શું લખવું. કઈ કઈ સાવધાની રાખવી વગેરેની સમજ હોય ત્યારે આપણે વ્યાવહારિક વ્યાકરણ જાણીએ છીએ એવો અર્થ થાય. અહીં વ્યાવહારિક વ્યાકરણને લગતી કેટલીક પ્રવૃત્તિ આપવામાં આવી છે તે તમે યોગ્ય રીતે પૂર્ણ કરજો, જેથી પૂરતો મહાવરો થાય અને તમારું લેખન સુધરે. વધુ સારું થાય અને વ્યાવહારિક વ્યાકરણની તમારી સમજ દૃઢ થાય.

- **મહાવરો :**

**1. નીચેનો ફકરો ધ્યાનપૂર્વક વાંચીને તેમાં જરૂરી વિરામચિહ્નોનો ઉપયોગ કરીને ફરીથી લખો.**

અંતે સ્ટેશન આવ્યું. બાપુજીએ સ્ટેશન માસ્ટરને બોલાવ્યા. એને મારું પરાક્રમ કહ્યું કે આ છોકરી મારી પૌત્રી છે પણ બિચારી ભોળી ભલી છે. હજી મને કદાચ સમજી નહીં હોય તેથી જ આ બે ખાનાં પસંદ કર્યાં એમાં એનો દોષ નથી. મારી કેળવણી એટલી અધૂરી હશે ને હવે મારે અને એણે બંનેએ પ્રાયશ્ચિત કરવું રહ્યું.

**2. નીચેના ફકરામાંથી સંજ્ઞા અને વિશેષણ તારવીને લખો.**

મંથનને એ રૂપાળા છોકરા સામે જોઈ રહ્યો. એ છોકરાનું નામ પૂછ્યું. જવાબ મળ્યો અનિકેત! અનિકેત ઊંચો, પાતળો અને રૂપાળો છોકરો હતો. તેના હાથમાં મોટું બેટ હતું અને તે જોઈ ક્રિકેટ રમવા જઈ રહ્યો હશે એવું મંથનને લાગ્યું. તે બોલ્યો, ''હું તારી સાથે રમવા આવું?'' અનિકેત હસ્યો. ''તારા જેવા નવા મિત્ર સાથે રમવાનું મને ગમશે!'' એટલામાં લાલ કાર ધસમસતી આવી અને થોડેક દૂર ઊભી રહી ગઈ. તેમાંથી એક પડછંદ માણસ બહાર આવ્યો. બંને આવનાર સામે જોઈ રહ્યા.

**3. નીચેના ફકરામાંની ખાલી જગ્યાઓ કૌંસમાંના શબ્દોનો ઉપયોગ કરીને પૂરો.**

(ગયા, હતો, હતું, શકાતું, નાહતા, મારતા, જતા)

અમે ખારી નદીમાં રોજ નાહવા ________ . થોડેક દૂરથી જ દોટ મારીને અમે નદીમાં રીતસર ભૂસકા જ ________ . મારા મિત્રો પ્રહ્લાદ અને બાબુ તો એક પણ દિવસ ચૂક્યા વિના નદીમાં ________ ! મારે કોઈક દિવસ ઘરની જવાબદારીને લીધે જઈ ન ________ . એ જમાનામાં તો નદીમાં ખૂબ પાણી ________ . નદીનો પ્રવાહ તેજ ________ . આજે પાણીની ક્યાં વાત? નદી જ રહી નથી! એ દિવસો તો

**અધ્યયન નિષ્પત્તિ**

**G801 વિવિધ સાહિત્ય સ્વરૂપો સાંભળે છે, સમજે છે અને અભિવ્યક્ત કરે છે.**

- **મહાવરો :**

**1. ધોરણ-7ના 'જનની' કાવ્ય વિશે પાંચ-સાત લીટી લખો.**

**2. ધોરણ-7 ગુજરાતી પાઠ્યપુસ્તકનો એકમ - 6 વાંચીને તેના આધારે પ્રશ્નોના જવાબ લખો.**

1. ભીખુ કોણ હતો?

2. ભીખુનો કયો ગુણ તમને સ્પર્શી ગયો?

3. ભીખુના પરિવાર વિશે પાંચ વાક્યો લખો.

**4. પાઠમાં વપરાયેલા રૂઢિપ્રયોગો શોધીને તેનો અર્થ લખીને વાક્યમાં પ્રયોગ કરો.**

**5. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.**

- રહમ - ___________
- ઘેલછા - ___________
- દૃઢ - ___________
- તૃષ્ણા - ___________

**3. નીચે ફકરામાં આપેલી ખાલી જગ્યામાં કૌંસમાંથી યોગ્ય શબ્દ મૂકો.**

(ચિંતા, ટંક, પૂજ્ય, થરથર, સામાન, ભૂલ)

હું તો ___________ કાંપતી હતી. ___________ તો ખસેડ્યો પણ મને ___________ બાપુજીની ચિંતા થતી હતી કે હવે કેમ થશે? ઘણી વખત આવી નાની ___________ ભલે બીજાની હોય પણ એ પોતાની જ ગણે અને એકાદ ___________ ખાવાનું પણ છોડે, એ મોટી ___________ હતી.

**4. ધોરણ-7ના એકમ-9 'બાનો વાડો'ના આધારે 'બા' વિશે ટૂંકમાં લખો.**

•

